# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૫૦ તા.૧૯.03.૨૦૨૨

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૫/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી હિરાલાલ બાબુલાલ મસાણી c/o. ઉપાસના આઈસ ફેક્ટરી ગામ – પોરબંદર
સબડીવીઝન: કિર્તિ મંદિર,પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ
૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર
તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સવિનય જયભારત સાથ ઉપરોક્ત વિષયે આપ સાહેબને જણાવવાનું કે અમો પોરબંદર મુકામે ઉપરોક્ત નામ અને નંબર વાળા આઈસ ફેક્ટરીના વિજકનેક્શન કિર્તીમંદિર સબ-ડિવીઝનમાં ધરાવીએ છીએ.અમારા ઉપરોક્ત વિજ-કનેક્શનમાં અમોએ મે-૨૦,જુન-૨૦ અને જુલાઇ-૨૦ માટે ઓફસીઝનમાં ગયેલ હતા અને અમોએ અમારો આઈસ પ્લાન્ટ

પણ બંધ જ રાખેલ હતો. અમારા આઈસ ફેક્ટરીમાં એપ્રિલ—મે-૨૦૨૦ નું બિલ ૨૩-૦૫-૨૦૨૦ જુન-૨૦ નું બિલ તા.૪-૭-૨૦ અને જુલાઇ-૨૦ નું બિલ તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ બનેલ છે જો જુલાઇનું બિલ એક મહિનામાં એટલે કે ૫-૪-૨૦ સુધીમાં બનાવેલ હોત તો અમારા તે માસના બિલમાં રિડીંગ ચડેલા ન હોય. આપ પીજીવીસીએલ દ્વારા ૧.૫ માસનું બિલ બને તો સ્વાભાવિક રીતે જ યુનિટ મિટરમાં ફેર છે અમારે ઓગસ્ટ માસમાં ૫ તારીખ પછી ફેક્ટરી ચાલુ કરવી જ પડે એટલે મિટરમાં રિડીંગ ચડેલ છે આમાં અમારો કોઈ જ વાંક ગુનો ન હોય અમોને બિલની રકમ ખોટીરીતે ચડાવેલ છે જેની સામે અમોને વાંધો છે એચએએલ કોરોનાના સમયમાં ધંધા પણ નથી અને પૈસા પણ નથી તો ઉપરોક્ત બિલ રદ્દ કરવા વિનંતી છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કિર્તીમંદિર પેટાવિભાગીય કચેરીમાં નીચે મુજબની વિગતના આઈસ ફેક્ટરી હેતુ નીતિ કેટેગરી ના વીજ કનેક્શન આવેલ છે,

| ક્રમ | ગ્રાહક નું નામ | ગ્રાહક નંબર | લોડ |
|---|---|---|---|
| ૧ | હીરાલાલ બાબુલાલ મસાણી | ૩૫૧૦૧/૦૧૦૬૪/૨ | ૬૭ KW |
| ૨ | ઉપાસના આઈસ ફેક્ટરી | ૩૫૧૦૧/૦૦૯૪૩/૧ | ૮૬ KW |

ઉપરોક્ત બને ગ્રાહકો દ્વારા તા. ૩૦.૦૩.૨૦૨૦ ના રોજ અત્રેની કચેરીએ વર્ષ-૨૦૨૦ માં માહે મે-જુન-જુલાઈ માં ઓફ સિઝન લેવા માટેની અરજી કરવામાં આવેલ હતી. ઓફિસ રેકર્ડ મુજબ ઉપરોક્ત ત્રણેય મહિનાઓના બનવા પામેલ બિલની વિગત નીચે કોસ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

(૧) હીરાલાલ બાબુલાલ મસાણી - ગ્રાહક નંબર - ૩૫૧૦૧/૦૧૦૬૪/૨

| ક્રમ | બીલીંગમાસ બીલની રકમ | બીલ તારીખ | વપરાશ થયેલ યુનિટ | બીલીંગ ડિમાન્ડ | બીલની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ –મે | ૨૩-૦૫-૨૦ | ૧૦૩ | ૧.૦ | ૭૫૧.૮૪ |
| ૨ | જુન | ૦૪-૦૭-૨૦ | ૦ | ૦.૦ | ૦.૦ |
| ૩ | જુલાઈ | ૧૮-૦૮-૨૦ | ૨૦૭૭૪ | ૬૯.૩ | ૧૫૪૩૫૭.૮૩ |

તા. ૧૮.૦૮.૨૦૨૧ ના રોજ બનવા પામેલ વીજ-બિલમાં દર્શાવેલ મહત્તમ ડિમાન્ડ એ જુલાઈ-૨૦૨૦ માં વપરાશ કરવામાં આવેલ મહત્તમ ડિમાન્ડ છે. અને જે ૬૯.૩ KW આવતા ગ્રાહક દ્વારા જુલાઈ-૨૦ માં પણ મહત્તમ લોડનો ઉપયોગ કરેલ છે જે સ્પષ્ટ છે, જેથી જુલાઈ -૨૦ નો ફિક્સ ચાર્જ ઓફિસ દ્વારા આકારણી કરવામાં આવેલ છે.

૩.૧ (૨) ઉપાસના આઈસ ફેક્ટરી - ગ્રાહક નંબર - ૩૫૧૦૧/૦૦૯૪૩/૧

| ક્રમ | બીલીંગમાસ બીલની રકમ | બીલ તારીખ | વપરાશ થયેલ યુનિટ | બીલીંગ ડિમાન્ડ | બીલની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ –મે | ૨૩-૦૫-૨૦ | ૧૨૪ | ૧.૦ | ૯૦૫.૧૨ |
| ૨ | જુન | ૦૪-૦૭-૨૦ | ૦ | ૦.૦ | ૦.૦ |
| ૩ | જુલાઈ | ૧૮-૦૮-૨૦ | ૨૨૩૫૨ | ૮૯.૬ | ૧૬૫૭૬૩.૪૦ |

તા. ૧૮.૦૮.૨૦૨૧ ના રોજ બનવા પામેલ વીજ-બિલમાં દર્શાવેલ મહતમ ડિમાન્ડ એ જુલાઈ-૨૦૨૦ માં વપરાશ કરવામાં આવેલ મહતમ ડિમાન્ડ છે. અને જે ૮૯.૬ KW આવતા ગ્રાહક દ્વારા જુલાઈ-૨૦ માં પણ મહતમ લોડનો ઉપયોગ કરેલ છે જે સ્પષ્ટ છે, જેથી જુલાઈ -૨૦ નો ફિક્સ ચાર્જ ઓફિસ દ્વારા આકારણી કરવામાં આવેલ છે.

૩.૨ આથી વર્ષ-૨૦૨૦ ના કંપનીના ઓડિટ ટીમ દ્વારા સદર ગ્રાહકોની જુલાઈ-૨૦ માં વપરાશ નોંધાયેલ હોય તથા મહતમ ડિમાન્ડ પણ રેકોર્ડ થયેલ હોય જુલાઈ -૨૦ ની ઓફ સિઝન રદ કરવામાં આવેલ. અને નિયમ મુજબ એક કેલેન્ડર વર્ષમાં૩ મહિના ઓફ સીઝન લેવી જરૂરી હોય જુલાઈ-૨૦ ની ઓફ સિઝન રદ થતા બાકી ૨ મહિના ઓફ સિઝન રદ કરવાં આવેલ અને ઓફ સિઝન માસ દરમ્યાનની ફિક્સ ચાર્જનું પુરવણી બિલગ્રાહકને આપવામાં આવેલ છે અને તે ભરપાઈ કરવા ને પાત્ર થાય છે.

**:: હુકમ ::**

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ પક્ષકારે આ બાબતે ટેરીફ ઓર્ડર નં. PGVCL/REG.CELL/T-15407 DT. 04-05-21 ના ક્લોઝ નં. ૫.૬ મુજબ જે તે કર્મચારી/અધિકારી ને માહિતગાર કરવા માટે સુચના આપવામાં આવે છે.

૪.૨ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા સીઝનલ ગ્રાહક ના આખર તારીખે એટલેકે ૩૧.૦૭.૨૦૨૦ ના રોજ છેલ્લા રીડીંગ લેવા જોઈએ તે લેવામાં આવેલ નથી અને તેઓ દ્વારા એવું જણાવેલ છે કે કોરોના સમય હતો જેના કારણે સમયસર રીડીંગ લેવામાં આવેલ નથી તેમજ એમ.આર.આઈ. ડેટા દ્વારા પણ રીડીંગ લઈ શકાય તેમ નથી.

૪.૩ વધુમાં અરજદાર શ્રી ની વપરાશ પેટર્ન જોતાં જુલાઇ-૨૦, બીલ્ડ ઇન ઓગષ્ટ-૨૦ નું જે બીલીંગ કરવામાં આવેલ છે તે તારીખ: ૧૮.૦૮.૨૦૨૦ ના રોજ રીડીંગ લીધેલ છે તે મુજબ આ વપરાશ ઓગષ્ટ મહીના નું હોય તે મુજબ સદર અરજદારશ્રી પાસેથી ફીક્ષ ચાર્જ વસૂલી શકાય નહી.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯